## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

બીબાના ઢાળે ઢળવામાં ઘણી તકલીફ પહોંચી છે,
બરફ માફક પીગળવામાં ઘણી તકલીફ પહોંચી છે.
- મનોજ ખંડેરિયા

### પાથેય

- રમેશ ઠક્કર

## જિંદગીની રૂપેરી કોર

એક સિમીત ઓરડામાં લેટી રહેવું એ કદાચ જિંદગીની ધૂપછાંવ હશે... જગત આપણી રાહ જોતું નથી..તમારે જ ઉઠવું પડે છે..તાલમેલ તૂટ્યા પછી ફરીથી લયબધ્ધ થવું એક કઠીન કામ હોય છે..બારીએથી નજર કૂદાવી વિખૂટા પડેલા આકાશને આલિંગન આપવાનો પ્રયાસ ફેન્ટસીથી કમ નથી..સતત ફરફરી રહેલો કૃત્રિમ પવન કયારેય આત્મીય ના થઈ શકે..કડવાશનો કદી સહવાસ ના હોય..સુખ એટલે ? ઘણી વ્યાખ્યાઓ હશે પણ અત્યારે તો લાગે છે કે સુખ એટલે આરોગ્ય, અને દુઃખ એટલે વિકાર..પડખું ફરતાં જ સુષુપ્ત પડી રહેલી સોય સળવળે છે..! આપણો જ હાથ જાણે ચૂપચાપ પડયો છે આપણી પાસે..કાબે અર્જુન લૂંટિયોની જેમ..

પડી રહેવામાં પરાજય જેવું હોય છે..આપણી આસપાસ સમદુઃખિયાઓનો સહારો હોય તો પણ આપણી સહજ જિંદગીની તલાશ તીવ્ર બનીને ડંખતી રહે છે..સ્થગિતતાને ભેદવાનું એટલું આસાન હોતું નથી..હણહણતો અશ્વ અટકી કેમ જાય ? નાગરવેલનું પાન સડી કેમ જાય છે ? રોટલી બળી કેમ જતી હોય છે ? આ ત્રણેય પ્રશ્નોનો એક જ જવાબ શું હોય? એવુ બિરબલને પુછવામાં આવેલું...એણે જવાબ આપેલો ‘ફેરવો નહીં એટલે..’ માણસ પણ જો ફરે નહી તો બંધિયાર થઈ જતો હોય છે..ખાટલે પડયા પછી અનેક મથામણો સામે ઝઝૂમવાનું હોય છે પણ સૌથી મોટો પડકાર સ્થગિતતાની નાગચૂડને ભેદવાનો હોય છે..!

વિષાદ પણ વાદળની માફક ઘેરાય છે..જીવનનો લય ખોટકાય છે ત્યારે અવસાદ અડીંગો જમાવે છે..એકાદ બે દિવસ તો આશ્વાસન અને અનુકૂલનમાં નિકળી જાય પરંતુ એકધારા પડયા રહેવું ક્રમશઃ પળોજણ બની આપણને ઘેરી લે છે..ગમગીની એ બિમારીની બહેનપણી છે..વિષાદ એ રોગને બહેકાવે છે..સંસ્કૃતમાં એને નિર્વેદ કહે છે..ગુજરાતીમાં નિર્વેદ એટલે નિરાશા અવસાદ દીનતા શોક વિરક્તિ ઘૃણા જુગુપ્સા ચીડ અણગમો..અધધધ શબ્દો છે..!

એક અથાગ પ્રયાસ પછી ખુલતી બારીનો ઉઘાડ નવી તાજગી આપી જાય છે..બદલાતી ઋતુઓ અને એની અસરો આરોગ્યના લયને કયારેક લસરકો આપી જાય છે ત્યારે પથારીવશ થઈ જવાતું હોય છે..હળવા હાથે સિમિત આકાશથી ઝીલાતી વાછટ ત્વચાને તાજગી આપી જાય છે...જેને અનિર્વેદ કહેવાય..ખુશહાલ સંદેશ આપણા લયને ઝંકૃત કરી જાય છે..સ્થગિતતા આમ તો શેતાન જેવી છે પણ મક્કમતાથી ઉઠતો સળવળાટ એક આશાવાદ સમાન હોય છે...

ચાલવું ,અટકવું, ઠપ્પ થઈ જવું કે જીવનની ગતિથી ઘડીભર વિચલિત થઈ જવું એક ધૂપછાંવ છે..કાયમી ઘાવ નથી..! તડકીછાંયડી જેવો આપણી ભાષાનો શબ્દ આ સ્થિતિને આબેહૂબ પ્રગટાવે છે. .ઓરડાની બોઝિલતાને અતિક્રમી બૃહદ જીવનના ધોરીમાર્ગ ઉપર ધપતા રહેવું એ જ કદાચ જીવનરસ છે..કાળી ડિબાંગ વાદળીઓ વચ્ચે ઉપસતી રૂપેરી કોર છે...

# હવે, નરસંહાર ટાળવો જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

રશિયાએ એક સમયના સોવિયેત યુનિયનનું સપનું સાકાર કરવાની દિશામાં જોખમભર્યું પગલું ભર્યું છે. રાષ્ટ્રપતિ પુતિન જાણે કે અમેરિકા અને યુરોપિયન રાષ્ટ્રોનું સંગટન રશિયાને આખી દુનિયાથી અલગ-થલગ પાડી દઈ જબરદસ્ત નાણાકીટ સંકટ ઉપરાંત સૈન્ય મુકાબલો પણ કરશે. પરંતુ પુતિન નર્મદની ભાષામાં જ વાત કરે છે : ‘ડગલું ભર્યું કે ના હટવું, ના હટવું !’ હવે એ ડગલું જોખમભર્યું છે એની તો ખબર છે જ; પરંતુ રશિયન નેતાએ તે ‘સમજીને’ જ ભર્યું છે. નર્મદના નામ સુધ્ધાં પુતિન નહિં જાણતા હોય, પણ એની કવિતાનો મર્મ એમણે પચાવી જાણ્યો છે; ‘સમજીને તો ડગલું ભરવું / મૂકીને ના બીવું !’ પુતિનને વોશિંગ્ટનવાળો વૃદ્ધ આકરી ભાષામાં બીવડાવે છે પણ એથી આ યુદ્ધવીર લેશ પણ ડરથો નથી યુક્રેનનો દુરુપયોગ કરવા માગતા ‘નાટો’ રાષ્ટ્રોના સંગઠનને અને અમેરિકાને એકલે હાથે હંફાવવા માટે વાઘનું કાળજું જોઈએ જે પુતિન પાસે છે. ગોર્બાચોવ કે યેલ્ત્સીન પાસે એ નહોતું જેને કારણે રશિયાના પ્રભુત્વવાળા સોવિયેત યુનિયનના ટૂકડે ટૂકડા કરવામાં અને ‘મહાસત્તા’નું લેબલ મેળવી ચૂકેલી પ્રતિસ્પર્ધીને પોતાની આણ મનાવવામાં અમેરિકા મહદંશે સફળ થયું હતું. આ એ જ અમેરિકા છે જેણે બીજા વિશ્વયુદ્ધમાં એની પાસેની અણુશક્તિનો સંહારક દુરુપયોગ કરીને જાપાનને તબાહ કરી દીધું હતું. જાપાનની બકરી-બેં બોલી ગઈ હતી અને એ આજે અમેરિકાનું બગલબચ્ચું બની ગયું છે. યુરોપના દેશો પણ અમેરિકાના વર્ચસ્વ હેઠળ જ સલમાતી અનુભવી રહ્યા છે. એવા સમયે કે જયારે સતત રશિયાની સહાયતી પાકિસ્તાન - ચીનના પડકારો ઝીલવામાં કામયાબ રહેલ ભારત પણ અમેરિકાને વહાલું થવા રશિયા સાથે અંતર ઊભું કરી ચૂક્યું છે ત્યારે અમેરિકાના દાંત ખાટા કરવા માટે રશિયા-ચીન-પાકિસ્તાનની નવી ધરી રચાઈ ચૂકી છે. આવા યુદ્ધકાળમાં પણ દેવાળિયા દેશના વડાપ્રધાને રશિયાના રાષ્ટ્રપતિ સાથે નિરાંતે મુલાકાત કરી છે તે જ શું સૂચક નથી ? વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે યુક્રેનના રાજદૂતે પુતિનને સમજાવવાની અપેક્ષા રાખી છે અને મોદીને પુતિન સાથે શક્ય હોય ત્યાં સુધી ગંભીર વાટાઘાટો કરી સંકટનો અંત આણવાની અને યુદ્ધ ટાળવાની સુફિયાણી સલાહ પણ આપી છે. પરંતુ પુતિન એમ કંઈ યુક્રેનને‘નાટો’ ના હવાલે કે અમેરિકાના ખોળે બેસવા દેશે ? એમને રશિયા સામે ‘નાટો’ કે અમેરિકાની દખલઅંદાજી ધરાર ખપતી નથી. પછી ભલે એ માટે ગમે તેટલી આર્થિક ખુવારી વેઠવી પડે. બ્રિટન સહિતનાં યુરોપનાં રાષ્ટ્રોએ અને અમેરિકાએ રશિયાની બેન્કો અને વેપારના દરવાજા બંધ કરી દીધા છે ત્યારે પણ પુતિન એમના મજબૂત ઈરાદાથી લેશ પણ પાછા હટ્યા નથી. યુક્રેનની સર્વભૌમતા સંદર્ભે દયા ખાનારા એમ કેમ નથી વિચારતા કે એ અમેરિકા અને નાટોનું રશિયા વિરોધી ‘પ્લેટફોર્મ’ બની ચૂક્યું છે ? મોદીને આઝાદ કાશ્મીર ભારતમાં ભેળવવું હોય અને ચીનને તાઈવાનને અમેરિકન પ્રભાવથી મુક્ત કરવું હોય તો પુતિનને એ કયે મોઢે પાછા હટવાની સલાહ આપશે ? વિશ્વ રાજકારણમાં નામશેષ થઈ ગયેલું રશિયા પુતિનના પ્રભાવી નેતૃત્વ હેઠળ એની ખનિજ-સંપત્તિ - તેલ અને ગેસના જોરે ફરી એકવાર મહાસત્તા તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યું છે. અંતરિક્ષમાં તો એ અમેરિકાને માત આપી જ ચૂક્યું હતું, બનવાજોગ કે આગામી દાયકાઓમાં એશિયાની મહાસત્તા ચીન સાઠે મીઠા સંબંધો કેળવીને એ અમેરિકાની બોલતી બંધ કરી દે. આમ છતાં, ત્રીજું વિશ્વયુદ્ધ ટળે એવું તો સૌ ઈચ્છે - ખુદ પુતિનને પણ અમેરિકા બ્રાન્ડ હિરોશીમા - નાગાસાકી વાળો નરસંહાર કરી અપ્રિય થવું પસંદ નહીં જ હોય.

# બોડી ચેકઅપ કરાવવું હિતાવહ છે ?

## બોડી ચેકઅપ બધા રિપોર્ટ સાચા હોય છે ? સારી લેબ કઈ રીતે ખબર પડે ?




આજે ડાહ્યાલાલ, ગાંડાલાલ બને એકલા જ વિપુલ અને નિલેશ કોઈ કારણસર આવી શક્યા નથી. આજે ગાંડાલાલ બહુ મુડમાં હતા. ગાંડાલાલે કહ્યું યાર હું આજે ખૂબ મજામાં છું. એવું તો શું થયું કે તમે મજામાં છો. ગાંડાલાલ બોલ્યા... પુછશો જ નહીં વાત ? ગઈકાલે મારા ઉપર એક લેબમાંથી વોટ્સએપ આવ્યો ૭૦૦ રુપિયામાં ૭૦ ટેસ્ટ કરી આપવામાં આવશે તમે ખાલી ઓકે કરો એટલે સામેથી લેબમાંથી ફોન આવશે. ફોન આવ્યો તમારે સવારે ભૂખ્યા પેટે તમે કહો તેટલા વાગે તમારે ત્યાં માણસ આવીને લોહી, પેશાબ અને ઝાડાનો સેમ્પલ લઈ જશે. તમારે ૭૦૦ રુપિયા આપી દેવાના અને વોટ્સએપ પર તમારા બધા જ રિપોર્ટ આવી જશે. મેં લેબમાં ખાલી મિસ્કકોલ કર્યો. લેબમાંથી તરત જ ફોન આવ્યો. કાલે સવારે કયા સરનામા પર એને કેટલા વાગે તમારા ઘરે સેમ્પલ લેવા આવાનું છે. શરત એટલી કે ભૂખ્યા રહેવાનું, પાણી પી શકાય. સવારનો ઝાડો અને પેશાબ બંને લેવાના. પેશાબ થોડો જવા દઈને લેવાનો જેના લીધે બહારનું કન્ટાઈમીનેશન ઓછું થઈ જાય અથવા તો ન આવે.

આ બધી વસ્તુઓ મને સમજાવી એની સાથે જ સવારના પહોરમાં જ લેબમાંથી સવારે ૭.૩૦ એ માણસ લોહી લેવા માટે આવી ગયો. પહેલા મને પેશાબ લેવા જવાનું કહ્યું અને આગલા દિવસે લેબ તરફથી કહેવામાં આવ્યું કે ઝાડો કોઈ પણ ડબ્બીમાં લઈ લેવો જે ડબ્બી ચોખ્ખી હોવી જોઈએ. મેં એવું કહ્યું કે ભાઈ તમે તમારી ડબ્બી ન આપો ? તો લેબમાંથી માણસ આવીને ઝાડાની ડબ્બી આપી ગયો. મેં ઝાડાને પેશાબ લઈ રાખેલા હતા. બંને ઉપર લેબવાળાએ લેબલ મારીન નામ લખી દીધા. પછી મારા જમણા હાથમાંથી લોહી લઈ લીધું. અત્યારે ભૂખ્યા પેટે લીધું છે, બીજું સેમ્પલ જમ્યા પછી બે કલાકે લેવાનું થશે જે ડાયાબિટીસનું છે જેને લેબવાળા PPBS કહે છે. સાંજે ૬ વાગ્યાની આજુબાજુ મને લેબમાંથી વોટ્સએપ આવ્યો જેમાં બધા જ રિપોર્ટ આવી ગયેલા હતા. જેમાં CBC, FBS, PPBS, Lipid Profile, Creatinine Urea, Calcium, Phosphuras, Vitamin D, Vitamin B12, PSA, Urine Stool, ડાહ્યાલાલે કહ્યું બધું સરસ પણ રિપોર્ટ શું આવ્યા ? ગાંડાલાલે કહ્યું બધા જ રિપોર્ટ નોર્મલ હતા. ગાંડાલાલે કહ્યું પણ યાર મને સમજાતું નથી. બધા જ રિપોર્ટ નોર્મલ કઈ રીતે આવી શકે કંઈક લોચો લાગે છે. અઠવાડિયા પહેલા જ મેં એક લેબમાં જે ગાંધીનગરમાં જાણીતા છે. એમાં Vitamin B, Vitamin D અને CBC કરાવ્યા હતા. જેમાં મે ૨૩૦૦ માં આટલા ટેસ્ટ કરાવ્યા હતા. જેમાં Vitamin B12 અને Vitamin D ઓછા હતા.

જેમાં હિમોગ્લોબીન ૧૧ હતું. આ ૭૦૦ રુપિયાવાળી લેબમાં હિમોગ્લોબીન ૧૩ હતું. અને Vitamin B12 અને વીટામીન D બંને નોર્મલ હતા. હવે સવાલ એ થાય છે કે અઠવાડિયામાં કોઈ પણ દવા લીધા સિવાય રિપોર્ટ નોર્મલ કઈ રીતે આવી શકે ? ડાહ્યાલાલ હવે બોલ્યા ગાંડાલાલ તમારા પ્રશ્નમાં જ જવાબ સમાયેલો છે. ૭૦૦ રુપિયામાં ૭૦ ટેસ્ટ એ કેવી રીતે પરવડે ? તમે આ ૭૦૦ રુપિયાવાળી લેબમાં ફરી ટેસ્ટ કરાવો અને પુરેપૂરા ટેસ્ટના પૈસા Vitamin B12 ના ૧૨૦૦, Vitamin D ૧૨૦૦ અને CBC ના ૩૦૦ ખર્ચો તો ખબર પડે. કે સાચું શું છે ? અત્યારે કોરોના પછી એટલી બધી લેબ ખુલી ગઈ છે કે એ લોકોને બજારમાં ઊભા રહેવાનો સવાલ છે. એટલે આવા ખોટા સસ્તા દરમાં ખોટી રીતે કામ કરીને લોકોને બધા જ રિપોર્ટ નોર્મલ આપીને છેતરપીંડી કરી રહ્યા છે. બીજી લેબવાળા વધારે પૈસા લઈને લોકોને લૂંટે છે એવું નથી. હા, કદાચ ૫-૧૦ % ડિસ્કાઉન્ટ આપે તો ચાલે પણ ૩૦૦૦-૪૦૦૦ ના ટેસ્ટમાં જો ૭૦૦ માં કરતાં હોય તો એ શકય લાગતું નથી.ડાહ્યાલાલે કહ્યું, બોડી - ચેકઅપના રવાડે ચડવાની જરૂર નથી. જો તમને તકલીફ હોયતો જે ટેસ્ટ કરાવો. બીનજરૂરી લોહીના ટેસ્ટ કરાવી તમારું લોહી અને પૈસા બગાડો છો. ન બગાડો હા, અમુક લેબ બોડી ચેકઅપ કરતી હોય છે જેમાં ૧૫-૨૦ % ડિસ્કાઉન્ટ કરતી હોય છે. જેમાં ટેસ્ટ કરાવવો હોય તો હિતાવત છે. ગાંડાલાલે કહ્યું સારી લેબ કઈ રીતે ખબર પડે ? ડાહ્યાલાલે કહ્યું જે ઘણા વર્ષોથી ચાલતી હોય અને NABL હોય એવી જ લેબમાં ટેસ્ટ કરાવવો જોઈએ.

### દિન મહિમા

- કવિ નર્મદની પુણ્યતિથિ.
- વિનાયક દામોદર સાવરકર - વીર સાવરકરની પુણ્યતિથિ.
- ૨૦૧૯માં ભારતીય વાયુ સેનાએ બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરી હતી.
- જસ્ટિસ ફાતિમા બીબી આજના દિવસે જ સુપ્રીમ કોર્ટના સૌપ્રથમ મહિલા જજ બન્યા હતા.
- અમદાવાદ શહેરની સ્થાપના.

### આજનું ઔષધ

- માથુ દુઃખતું હોય તો કપાળ પર લવીંગ ચોપડવાથી તરત રાહત થાય છે.

### ખડખડાટ

- શિક્ષક : બાળકો, એક પ્રશ્નનો જવાબ આપો... બતાવો પહેલા ઈંડુ આવ્યું કે મરઘી?
  એક બાળક : ઈંડુ.
  શિક્ષક : એ કેવી રીતે ?
  બીજુ બાળક : આ તો તમે બીજો પ્રશ્ન પૂછી નાખ્યો.

### આજનો વોટ્સએપ

- પડછાયાને અભિમાન હતું તડકો રોકી રાખવાનું પણ સાહેબ અંધારું થયું ને તે પોતે જ ખોવાઈ ગયો....

# મોરારજી દેસાઈ : નૈતિકતાની દીવાદાંડી




દેશના રાજકીય તથા સામાજિક જીવનમાં જેમનું યોગદાન કદી વિસ્મૃત થાય તેવું નથી તેવા ગુજરાતના બે સમર્થ પુરુષોની સ્મૃતિ અવારનવાર થતી રહે છે. આ બંને મહાનુભાવોની સમાધિ સ્થળ દિલ્હીમાં યમુના કિનારે અન્ય વિશિષ્ઠ જનો સાથે નથી. યમુના કિનારે તેમના સમાધિ સ્મારકો કેટલાક કારણોસર નથી પરંતુ જો હોત તો દિલ્હીની શોભામાં તેનાથી અભિવૃદ્ધિ થઈ હોત. સરદાર પટેલ તથા મોરારજી દેસાઈ એવા નેતાઓ હતા કે જેમનું સ્થાન દેશના ઈતિહાસમાં મજબૂતીપૂર્વક સ્થાપિત થયેલું છે. ફેબ્રુઆરી માસમાં મોરારજીભાઈની જન્મજયંતિ આવે છે. દેશના અનેક ભાગોમાં કેટલાક લોકો આદરપૂર્વક મોરારજીને યાદ કરતા હશે. સંત પુરુષના અનેક લક્ષણો ધરાવતા મોરારજી એ ગાંધીયુગના વિચારોના સમર્પિત ચાહક હતા. એક કાબેલ વહીવટ્કર્તામાં હોય તેવા તમામ ગુણ મોરારજી ધરાવતા હતા. સરદાર પટેલ તથા પંડિત નહેરુ એમ બંનેનો વિશ્વાસ તેઓ પ્રાપ્ત કરી શક્યા હતા.

મોરારજી દેસાઈ સમયની આરપાર જોઈ શકે તેવા નેતા હતા. ખેડૂતો માટે કલ્યાણલક્ષી એવા કાયદાઓની આજે પણ વાતો થયા કરે છે. પરંતુ જમીનમાં પોતાનો લોહી-પસીનો વહાવતા ગણોતીયાઓના રુણરાહત માટે છેક ૧૯૩૯માં મોરારજીએ મુંબઈ રાજ્યના મહેસૂલમંત્રી તરીકે શરૂઆત કરી હતી. ગણોતિયાઓને પોતે ખેડેલી જમીનમાં સ્થિરતા આપવાનું આ દીર્ઘજીવી પગલુંહતું. તેનો ઉલ્લેખ બા. જ. પટેલે તેમના એક લેખમાં ૧૯૭૩માં કર્યો હતો. ગણોતિયાને જમીનના માલિક હક્ક આપવાની આ પહેલ હતી. આ રીતે દ્રષ્ટિ સંપન્ન મહેસુલી કાયદાઓ એ મોરારજીની સૂઝ-સમજ તેમજ ગણોતિયાઓ તરફની નિસ્બતનું પરિણામ હતું. ભવિષ્યમાં સૌરાષ્ટ્ર સરકારે આ રાહ પર આગળ ચાલીને જ ગણોતિયાઓને મળતા હક્કો વિશેષ અસરકારક બનાવ્યા હતા. આથી જમીનની વહેંચણી ન્યાયી રીતે થઈ શકી હતી. દેશ આઝાદ થયો ત્યારબાદ મોટર-બસ વાહનવ્યવહારને પણ રાજ્યના નિયંત્રણમાં લાવવાનું કામ મોરારજીની દ્રષ્ટિને કારણે થઈ શક્યું હતું. ગુજરાતમાં આજે પણ તેની અસર જોવા મળે છે. આ રીતે જ ગુજરાત સહીત દેશના કેટલાક રાજ્યોમાં દારૂબંધીની નીતિનો આગ્રહપૂર્વક અમલ કરાવવામાં મોરારજીનો હિસ્સો નોંધપાત્ર છે. દારૂબંધીની તરફેણ કે વિરોધમાં અનેક પ્રકારની દલીલો થતી આવે છે. બંને તરફની દલીલોમાં સત્યનો અંશ પણ હશે. પરંતુ દેશમાં અનેક સ્થળોએ મહિલાઓએ હંમેશા દારૂબંધીની તરફેણ કરી છે. દારૂબંધીના કાયદાના અમલીકરણમાં જરૂર કેટલીક ક્ષતિઓ હશે. તેના માઠા પરિણામ પણ આવ્યા હશે. પરંતુ અમલીકરણની મર્યાદાઓના કારણે શુભ હેતુ સાથેના પગલાંનું અવમૂલ્યન કરી શકાય નહિ. સહકારી ક્ષેત્રે સહકારી ધોરણે જ ખાંડ ઉદ્યોગને શેરડી પકવતા ખેડૂતોના હિતમાં ચલાવવાના નિર્ણયને મોરારજીએ બળ પૂરું પાડ્યું હતું. ગુજરાતનો સંગીન સહકારી ડેરી ઉદ્યોગ એ મોરારજી તથા ત્રિભોવનદાસ પટેલની દેખરેખ હેઠળ પાંગરી ઉઠેલો છે. કટોકટીકાળમાં બંધારણમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા તેને પણ પ્રથમ તક મળતા મોરારજીએ મૂળ સ્વરૂપે પ્રસ્થાપિત કર્યા હતા.

બા. જ. પટેલે તા. ૦૭-૦૨-૧૯૮૫ના દિવસે લખેલા અને પ્રસિદ્ધ થયેલા એક લેખમાં અભ્યાસુ વૃત્તિથી એક વાત તારવી આપી છે. તેઓ કહે છે કે શ્રીમંત વર્ગના પંડિત મોતીલાલ નહેરુ પોતાનો એક બંગલો દેશને અર્પણ કરે તો તેની વાત અનેક ફોરમમાં અનેક લોકો કર્યા કરે છે. મોરારજીભાઈ પણ તેમની આર્થિક સ્થિતિ સામાન્ય હોવા છતાં વલસાડનું પોતાનું માલિકીનું મકાન અને જમીન બાલમંદિર તથા બહેનોના ઉત્થાન માટેની પ્રવૃત્તિમાં સંપૂર્ણ નમ્રતાથી અર્પણ કરે છે. સાથે પ્રવૃત્તિ ચલાવવાના રૂપિયા દસ હજાર(તે સમયના) આપે છે. પોતાને લાંબી કારકિર્દી દરમિયાન મળેલી તમામ ભેટ ગુજરાત વિદ્યાપીઠને અર્પણ કરે. સાથે વ્યક્તિગત બચત પણ વિદ્યાપીઠને અર્પણ કરે. પોતાના વારસદાર તરીકે ગુજરાત વિદ્યાપીઠને ઠરાવે એ સામાન્ય વાત નથી. પુત્ર કાંતીભાઈને કોઈ રાજકીય પદ કે પ્રતિષ્ઠા અપાવવાની વાત તો આ મહામાનવથી જોજનો દૂર રહી છે. જે કંઈ કર્યું તેની પણ પ્રસિદ્ધિ કરવાનો કોઈ વિચાર મોરારજીને આવ્યો નથી. મોરારજી આવી બાબતોમાં જલકમળવત્ત હતા તેમ જરૂર કહી શકાય. શરદ પવારે તેમની સ્મૃતિઓમાં લખ્યું છે કે મોરારજીને મુંબઈમાં ક્યાં રહેવું તે પ્રશ્ન હતો. ઘણી સમજાવટ તથા આગ્રહથી તેમને સરકારી ફલેટ ફાળવી આપવામાં આવ્યો હતો. આ બાબતમાં પણ મોરારજીભાઈએ કાળજી લીધી હતી કે તેમની હયાતી બાદ સત્વરે આ ફલેટ રાજ્ય સરકારને પરત આપવામાં આવે. દિવંગત નેતાના નિધન બાદ તે જ મકાન કે બંગલાને વિદાય થયેલા નેતાજીના સ્મારક માટે માંગવાની પ્રથા પણ કેટલાક કિસ્સામાં સાંભળવા મળી છે. પરંતુ મોરારજી જુદી માટીના માનવી હતા.

મોરારજીભાઈ ૧૯૧૮થી ૧૯૩૦ના સમયગાળામાં ડેપ્યુટી કલેક્ટર તરીકે રહ્યા. આ સમય દરમ્યાન પણ અંગ્રેજ અધિકારીઓની ખુશામત કરવાનું તેમના કિસ્સામાં કદી બન્યું નથી. સ્પષ્ટ વક્તા તરીકેના સહજ સ્વભાવથી તેમની નિમણૂકના સ્થળો પણ દૂરના કે અસુવિધાવાળા રહેવા પામ્યા હતા. આમ પણ અનાવિલ જ્ઞાતિના એટલે તે રીતે પણ સત્ય માટે લડાકુ વૃત્તિ લોહીમાં વણાયેલી હતી. સ્વામી આનંદે ધારદાર ભાષામાં લખેલા કેટલાક અનાવિલ જ્ઞાતિના પાત્રો વિષે વાંચીએ તો આ અલગ મિઝાઝના માનવીઓનો વિશેષ પરિચય થાય છે.

મોરારજી ૧૯૩૭માં મુંબઈ રાજયના મહેસુલ મંત્રી બન્યા. ૧૯૩૭ની આ અર્થસભર યાત્રા ૧૯૭૯ સુધી ચાલી. ૧૯૭૯માં તેમણે ભારતનું વડાપ્રધાનપદ ખાસ સંજોગોમાં છોડ્યું. વિષયની પકડ તથા ઝડપી નિકાલની સૂઝ એ તેમનામાં સહજ રીતે વણાયેલી બાબતો હતી. અમલ માટેની મક્કમતા એ તેમના સ્વભાવના અભિન્ન ભાગ સમાન હતી. કાર્યક્ષમ, જન સામાન્ય માટે સંતોષપ્રદ, અભ્યાસુ તથા ઓછી ખર્ચાળ વહીવટની પ્રથા માટે દેશવાસીઓએ મોરારજી તરફ મીટ માંડવી પડશે.

આપણા એક સમર્પિત અધિકારી હસમુખ શાહ મોરારજીભાઈ સાથે કામ કરતા હતા. તેમણે જે સંસ્મરણો લખ્યા છે તેના પરથી ખ્યાલ આવે છે કે મોરારજીભાઈની સામાન્ય જન માટેની સંવેદના કેટલી તીવ્ર તથા ઊંડી હતી. મહામના મોરારજીભાઈની સ્મૃતિને વંદન કરવાનો આ સમય છે.

# ગૌરવશાળી ગાંધી ગાથા...‘પહેલો ગિરમીટિયો’




ગાંધીજીના વ્યકિતત્વનાં વિવિધ પાસાંઓ ઉજાગર કરવાનો અને એ દ્વારા એમની વિરાટ પ્રતિભાને સમજવાનો પ્રયત્નો થતા રહે છે..જગત માટે એ પ્રેરણાસ્રોત છે. એમના વિશે અદ્ભુત વાત લૂઈ ફિશરે કરી છે. ‘હું લેનિન, ચર્ચિલ, રૂઝવેલ્ટ, સ્તાલિન,એટલી,આઈન્સ્ટાઈનને મળ્યો છું.પણ ગાંધી કરતાં વધારે ચમત્કારિક માણસને હું મારી જિંદગીમાં મળ્યો નથી..’

આ જ મોહનદાસ અઢાર વરસની ઉંમરે અબ્દુલ્લા શેઠની પેઢીમાં નોકરી કરવા માટે પોરબંદરદી દક્ષિણ આફ્રિકા જાય છે.એ વખતે હિંદમાંથી ત્યાં જનારે એક એગ્રીમેન્ટ ફરજિયાત કરવો પડતો..જે એક પ્રકારનું ગુલામીખત હતું ત્યાં જનારા મોટાભાગે મજૂરો ગુલામો અને કારીગરો રહેતા..ગાંધી તો બેરિસ્ટર હતા તો પણ એમને પણ આવો એગ્રીમેન્ટ કરવો પડેલો..એગ્રીમેન્ટનું દેશી રીતે ગિરમીટ થયુ..અને એ રીતે ત્યાં જનારાનો સમુદાય ગિરમીટિયા તરીકે ઓળખાવા લાગ્યો..

મહાત્મા વિશે મબલખ લખાયું છે...‘સત્યના પ્રયોગો’ કે ‘દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ ’ વારંવાર વાંચવાં ગમે એવાં છે...ગાંધી જ્યારે મહાત્મા નહોતા બન્યા અને ફકત મોહનદાસ જ હતા એ સમયગાળાના એમના જીવન ઉપર એક અદ્ભુત નવલકથા લખાઈ છે જેનું નામ છે ‘પહેલો ગિરમીટિયો’..એક અદ્ભુત કથારસ અને જીવંત પાત્રોને આલેખન સાથે ઉઘડતું આ અનુવાદિત પુસ્તક એ સમયનો ઈતિહાસ, ભારતીય લોકોની પરાધિનતા અને એમનો સંઘર્ષ અને અંગ્રેજ શાસન સામે સંગઠિત થતા હિંદીઓની વ્યથાને રજૂ કરે છે.

કથાનો નાયક એક સામાન્ય રોજગારવાંચ્છુ તરીકે દક્ષિણ આફ્રિકામાં આવે છે..પોતાના દેશબાંધવોની ગુલામ દશા વિશે અવગત થાય છે..પોતાની પીડા ધીમેધીમે એક તરછોડાયેલા સમાજની બની જાય છે..એ સાધારણ માણસ પોતાના સંઘર્ષ અને અડીખમ પ્રતિકાર થકી ધીમેધીમે એક નેતૃત્વ લેનાર વ્યકિત અને પછી એ વ્યથિત સમાજનો અવાજ બની જાય છે..એક લોખંડી શાસનને અનેક રીતે પરાસ્ત કરી પોતાની બિરાદરીને ન્યાય અપાવે છે..એક સફળ લડતને અંજામ આપી એ ત્યાંથી પોતાના માદરે વતન પરત આવવા નિકળે છે ત્યારે એ એક મહામાનવ બની ગયા હોય છે..આખી કથા રસપ્રદ છે..પરંતુ કથાનાયક ગાંધીના મુખે એક અદ્ભુત વાકય લેખકે મૂક્યું છે ‘મનુષ્ય જયારે કોઈ સૌંદર્યની રચના કરે છે,ત્યારે મને તેમાં ઈશ્વરનાં દર્શન થાય છે’ લગભગ ૭૫૦ પાનાના વિશાળ ફલક ઉપર વિસ્તરતી આ નવલકથા મુળ હિન્દીમાં લખાયેલી છે. એના લેખક છે ગિરિરાજ કિશોર.જે હિન્દીના જાણીતા ઉપન્યાસકાર છે...એમણે મોહનદાસના જીવનનું ઘડતર જે જગ્યાએ થયું હતું એ સ્થળોની રૂબરૂ મુલાકાત લઈ ઈ.સ. ૧૯૯૫થી ૧૯૯૭ દરમ્યાન આ પ્રલંબકથા આલેખી છે. જેમાં ઈતિહાસની સાથે પ્રતિતીકર કલ્પનો સાથેનું રસપ્રદ ચિત્રણ છે...આપણું સદભાગ્ય છે કે આ નવલકથાનો ગુજરાતી અનુવાદ થયો છે. અને એ ઉત્તમ કામ મોહન દાંડીકર નામના આપણા પ્રસિધ્ધ ગાધીવાદી લેખકે કર્યું છે..

નાયક મોહનદાસ જે શરૂઆતમાં ગાંધીભાઈ તરીકે રજૂ થાય છે એ આપણા જેવો જ આમ ઈન્સાન છે..અજાણ્યા દેશમાં જ્યાં ભારતીય લોકો માટે કોઈ માન સન્માનની ભાવના ન હતી. ફક્ત રોજગારી કે ધંધા માટે આપણા લોકો ત્યાં જતા ત્યાં ગાંધી નામનો ‘ગિરમીટિયો’ એક ચમત્કાર સર્જવા જઈ રહ્યો હતો.જે અનેક પીડિત લોકો માટે આશાનું કિરણ બની જાય છે.. એ ક્રમશઃ મોહનદાસ અને પછી મહાત્મા તરીકે જનહદયમાં સ્વીકાર પામે છે.બહુ રસપ્રદ પ્રસંગો અને ઐતિહાસિક વિગતો સાથે કથા શરૂઆતથી જ વાચકને જકડી રાખે છે.

અલબત્ત સાઉથ આફ્રિકામાં જનાર પહેલો ગિરમીટિયો ડરબનના દરિયાકિનારે ઉતરનાર દેવારમ નામનો ભારતીય ગણાય છે..પરંતુ બેરિસ્ટર મોહનદાસ એ સમયના કાયદા મુજબ નોંધાયેલા ગિરમીટિયા હોવાના કારણે લેખક એમને પહેલો ગિરમીટિયો કલ્પી એમના સંઘર્ષને કથામાં આલેખે છે..એ વખતની ભારતીય ઉપખંડની રાજકીય સામાજિક પરિસ્થિતિ અને સામ્રાજ્યવાદી અંગ્રેજોની સંસ્થાનવાદી દુનિયાનું અનોખું વિશ્વ અહીં ઉભું થાય છે...

ટોલ્સ્ટોયફાર્મ,જોહનિસબર્ગ,પ્રિટોરિયા જેવાં સ્થળો અને દરિયો, સ્ટીમરોની સફર સહિત મોહનદાસની મથામણો મનમાં છવાઈ ગઈ હતી..લેખક કુશળ કસબી છે..અનેક પ્રકરણોમાં વિસ્તરેલી હોવા છતાં આ કથા સળંગ વાચનરસ ટકાવી રાખે છે. એમાં સંવાદો છે. ઘટનાઓ છે. ફિલસુફી પણ છે. એક જગ્યાએ ગાંધી બોલે છે ‘મનુષ્ય જયારે કોઈ સૌંદર્યની રચના કરે છે ત્યારે મને તેમાં ઈશ્વરનાં દર્શન થાય છે..’શરૂઆતનાં પ્રકરણોમાં અંગ્રેજો..સ્થાનિક હબસીઓ અને ભારતીય મજુરો કે જેઓ મોટેભાગે સામી કે કુલી તરીકે જ ઓળખાતા એમના જીવન અને આફ્રિકાની ધરતી ઉપરનું આગમન વગેરે બાબતોનું ગજબ આલેખન છે..તમામ ભારતીયો કુલી તરીકે જ ઓળખાતા મોહનદાસ ઉચ્ચ કેળવણી પામેલ યુવાન બેરિસ્ટર હોવા છતાં એ પણ’ કુલી બેરિસ્ટર ’જ કહેવાતા ! ભારતીય ઉપખંડના તમામ લોકોની હાલત એકસરખી હતી..જેમાં ગુજરાતી વેપારીઓ પણ હતા..હિંદુ.મુસ્લિમ જેવા ભેદ ન હતા. ગાંધીજીના શેઠ અબદુલ્લા ગુજરાતી બાહોશ વેપારી હતા...

આ નવલકથાનાં વિવિધ પાસાં ઉપર અવારનવાર લખી એના વિશાળ કથાપ્રવાહને નવી પેઢી સામે મુકવાનો ઉપક્રમશાળા કોલેજોમાં રાખવા જેવો છે. સામાન્ય લાગતા મોહનદાસ કઈ રીતે મહામાનવ મહાત્મા તરીકેની ઉંચાઈ સુધી પહોંચી શકયા એ જાણવા આ નવલકથા વાંચવી જરૂરી છે..જે ગાંધી ઉપર અનેક મહાપુરુષો અભિભૂત હતા.આજે પણ જગતમાં જયારે પણ અન્યાય સામેની કોઈ લડત આરંભાય છે ત્યારે ગાંધી વિચાર એમા પ્રેરકબળ બની જાય છે.દક્ષિણ આફ્રિકામા એક સીધાસાદા ભારતીય યુવાનનું ગજબ ઘડતર થયું.

જાહેર જીવનમાં અતિ વ્યસ્ત અને સફળ ગાંધીનો પારિવારિક પક્ષ વર્ણવવાનું નવલકથાકાર નથી ભૂલતા. અતિ સામાન્યમાંથી અસામાન્ય બનતા ગાંધીજીના જીવનમાં પત્ની અને બાળકો મહત્ત્વપૂર્ણ હોવા છતાં અવગણાયા હતા તે સત્ય આ પુસ્તકમાં સુપેરે વણાય છે. પુત્ર હરિદાસ સાથેના પિતા ગાંધીજીના વિસંવાદી સંબંધો અને તેમાંથી જન્મતો પરિતાપ જનનાયક ગાંધીને અવારનવાર વિહવળ બનાવે છે. તો વળી ઘણી બાબતોમાં ટેકીલી પત્ની સાથેની ચડભડ પણ એમને વ્યગ્ર બનાવે છે. બાળકોનું શિક્ષણ ગાંધીજી તથા કસ્તુરબા માટે સતત વિખવાદનું કારણ રહેલાં. આ સઘળું ગાંધીને સંવેદનશીલ મનુષ્ય તરીકે પ્રસ્તુત કરે છે. વર્ષોના સંઘર્ષને અંતે મોહનદાસ કરમચંદ ગાંધી દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર ગિરમીટિયાઓને પોતાનો હક્ક તથા આત્મસન્માન અપાવનાર મહાનાયક તરીકે સ્થાપિત થાય છે. એક એવો નાયક જેનો સ્વીકાર ગરીબ ગિરમીટિયાઓ તો કરે જ છે પરંતુ ધોળી સરકારના અમલદારો પણ કરે છે. ટોલ્સ્ટોય તથા રસ્કિન જેવા વિચારકોથી પ્રભાવિત ફિનિક્સ આશ્રમની સ્થાપના કરનાર ગાંધી એક અસામાન્ય નેતાના કદ સાથે ભારત પાછા ફરે છે.

આ પુસ્તકનું અંતિમ દૃશ્ય ગાંધીને દક્ષિણ આફ્રિકાની ધરતીને અલવિદા કહેતા બતાવે છે. હજારોની જનમેદની ગાંધી તથા તેમના પરિવારને વિદાય આપવા કેપ ટાઉનના રેલવે સ્ટેશન પહોંચે છે. અતિપ્રિય એવી પોતાની કર્મભૂમિ તથા ત્યાં વસતા પ્રેમાળ લોકોને અલવિદા કહેતા ગાંધીની આંખ ભરાઈ આવે છે. તેઓ કહે છે, ’આજથી બરાબર ૨૧ વર્ષ પહેલાં નેટાલના મેડિંગ્ટન બીચ પર એક ભયભીત નવયુવક ઊતરેલો. તે એક બેરિસ્ટર ગિરમીટિયો હતો. દાદા અબ્દુલ્લાએ પોતાની કંપની માટે ભારતથી આણેલ ગિરમીટિયો ... તેમણે દક્ષિણ આફ્રિકાની ધરતી પર નાનકડા છોડની જેમ રોપ્યો અને પ્રેમપૂર્વક સિંચ્યો.આજે તેઓ આપણી વચ્ચે નથી. જો તેઓ હોત તો હું તેમને અવશ્ય કહેત કે તમારો ’ધોળો હાથી ’હવે ’કાળો હાથી’ બનીને સ્વદેશ પાછો જઈ રહ્યો છે ... દક્ષિણ આફ્રિકા મારા રોમ રોમમાં વસે છે. અંતમાં એટલું જ કહું કે દક્ષિણ આફ્રિકાની તમારી ખાણોમાં હીરા ભર્યા છે. પણ મારા દેશબાંધવોના મન હીરાસમા છે. જરૂર છે તો ફક્ત હીરાપારખુ આંખની.’

આવા ચમત્કારિક મહાત્મા મોહનદાસ તરીકે મારી તમારી જેમ જયારે સંઘર્ષ કરતા હતા ત્યારે એમનાં સુખદુઃખ ,આશા નિરાશા ,આપણા જેવાં જ હતો એવો આપણને એહસાસ થાય છે..સત્ય અને માનવપ્રેમ ઉપરની શ્રધ્ધાથી આગળ વધતા મોહનદાસ અને એનું સાતત્ય એને સામાન્ય માણસથી અલગ પાડે છે..વિશાળ પટ ઉપર ફેલાયેલી આ કથા આપણી ભાષામાં અનુદિત થયેલું એક અનોખું સ્પંદન છે...